### સુરતના કલાકારે શ્રીજીને અદ્દલ હાથીના માથા જેવો ટચ આપ્યો



■ હાલમાં ગણેશોત્વમાં ડિઝાઇનર મૂર્તિનો ટ્રેન્ડ શરુ થયો છે. જેમાં બેલેન્સિંગ ગણપતિની સૌથી વધુ બોલબાલા છે. તેની વચ્ચે એક કલાકારે શ્રીજાના માથાને અદ્દલ હાથી જેવો જ ટચ આપ્યો છે. (તસવીર : હેમંત ડેરે)

# સુરતથી ઉડાન બાદ મુસાફરની તબિયત લથડતાં જયપુરમાં ઈમરજન્સી લેન્ડિંગ

**ઇન્ડિગોની** 6E-6852 ફ્લાઇટમાં મેડિકલ ઇમરજન્સી

**મુસાફરને** હોસ્પિટલ ખસેડાયો

સુરતઃ સુરતથી જયપુર જતી ઈન્ડિગોની ફ્લાઇટમાં બુધવારે ઉડાન દરમિયાન એક મુસાફરની અચાનક તબિયત લથડી પડતાં મેડિકલ ઈમરજન્સીની સ્થિતિ સર્જાઈ હતી. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પાઈલટે જયપુર એરપોર્ટ પર ફ્લાઈટનું પ્રાયોરિટી લેન્ડિંગ કરાવવાનો નિર્ણય લીધો હતો.

ફ્લાઈટ નંબર 6E-6852 બુધવારે સુરતથી જયપુર માટે રવાના થઈ હતી. ઉડાન દરમિયાન એક મુસાફરની તબિયત અચાનક બગડી હતી. ફ્લાઈટ ક્રૂએ તાત્કાલિક જરૂરી પ્રાથમિક સારવાર અને મદદ પૂરી પાડી હતી. જોકે, મુસાફરની સ્થિતિમાં અપેક્ષિત સુધારો ન થતાં ક્રૂએ જયપુર એરપોર્ટને મેડિકલ ઈમરજન્સીની જાણ કરી હતી. મેડિકલ ઈમરજન્સીની જાણ થતાં જયપુર એરપોર્ટ પર મુસાફરને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે જરૂરી વ્યવસ્થા અગાઉથી તૈયાર રાખવામાં આવી હતી. ફ્લાઈટે બુધવારે સાંજે આશરે 5:36 વાગ્યે સુરક્ષિત લેન્ડિંગ કર્યું હતું. લેન્ડિંગ બાદ મુસાફરને વિમાનમાંથી બહાર કાઢી તાત્કાલિક તબીબી સહાય આપવામાં આવી હતી. ત્યારબાદ તેને વધુ સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મુસાફરની તબિયત ગંભીર બનતા પાઈલટે સામાન્ય પ્રક્રિયાને બદલે મેડિકલ ઈમરજન્સીને પ્રાથમિકતા આપી હતી. રાહતની વાત એ રહી કે ફ્લાઈટમાં સવાર અન્ય તમામ મુસાફરો સુરક્ષિત રહ્યા હતા.

# ફૂડ પોઇઝનિંગમાં મોત બાદ બે અધિકારીને શો-કોઝ નોટિસ

**ચીફ** ફૂડ સેફ્ટી ઓફિસર બી.આર. બ્રહ્મભટ્ટ અને નાયબ આરોગ્ય અધિકારી મહેન્દ્ર પટેલનો ખુલાસો મંગાયો

સુરતઃ વરાછા વિસ્તારમાં ઇશ્વરકૃપા રોડ પર આવેલી શીતલ હોટેલમાં ગંદકી અને એક્સપાયરી ડેટનો સામાન મળી આવ્યા હોવા છતાં હોટેલ સામે તાત્કાલિક ધોરણે બંધ કરવાની કાર્યવાહી કરવામાં નહીં આવતાં સુરત મહાનગરપાલિકાના ફૂડ વિભાગની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. સમગ્ર મામલે મનપા તંત્રએ હવે જવાબદારી નક્કી કરવાની દિશામાં પગલાં ભર્યાં છે.

શીતલ હોટેલમાં તપાસ દરમિયાન સ્વચ્છતાના નિયમોનો ભંગ થતો હોવાનું તેમજ એક્સપાયરી ડેટ વાળો સામાન મળી આવ્યો હતો. આવી ગંભીર ક્ષતિઓ સામે નિયમ મુજબ કડક કાર્યવાહી કરવાની જરૂરિયાત હોવા છતાં સંબંધિત અધિકારીઓ દ્વારા હોટેલ બંધ કરાવવાની કાર્યવાહી કરવામાં આવી નહોતી. જેના પગલે ઉચ્ચ અધિકારીઓએ સમગ્ર મામલાની ગંભીર નોંધ લીધી છે. આ પ્રકરણમાં મનપાના ચીફ ફૂડ સેફ્ટી ઓફિસર બી.આર. બ્રહ્મભટ્ટ તેમજ વરાછા ઝોનના નાયબ આરોગ્ય અધિકારી મહેન્દ્ર પટેલને શોકોઝ નોટિસ ફટકારવામાં આવી છે. તપાસ દરમિયાન ગંદકી અને એક્સપાયરી સામાન જેવા ગંભીર મુદ્દા સામે આવ્યા બાદ પણ હોટેલને બંધ કેમ કરાવવામાં આવી નહીં, તે અંગે બંને અધિકારીઓ પાસેથી ખુલાસો માંગવામાં આવ્યો છે. હવે શોકોઝ નોટિસના જવાબ બાદ અધિકારીઓની ભૂમિકા અંગે મનપા દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવે તેવી શક્યતા છે.

### બાળકીના અંતિમ સંસ્કારમાં પિતા જ જઈ શક્યા

શહેરમાં બહારનું ભોજન એક પરિવાર માટે કરુણ ઘટનાનું કારણ બન્યું છે. શીતલ રેસ્ટોરન્ટમાંથી પંજાબી શાક સહિતનું ભોજન મંગાવીને ખાધા બાદ એક જ પરિવારના પાંચ સભ્યોની તબિયત લથડી હતી. પરિવારના સભ્યોને પેટમાં દુખાવો અને સતત ઊલટીની ફરિયાદ થતાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન ચાર વર્ષની બાળકીનું ઇમરજન્સી રૂમમાં જ મોત નિપજ્યું હતું. બાળકીની હાલત સતત ઊલટીના કારણે વધુ નાજુક બની હતી. પરિવારજનોએ તેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડી હતી, પરંતુ સારવાર મળે તે પહેલાં જ તેણે અંતિમ શ્વાસ લીધા હતા. આ ઘટનાથી પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. દરમિયાન હોસ્પિટલમાં દાખલ અશોકભાઈ સહિતના ચારેય દર્દીઓની હાલત હવે સંપૂર્ણપણે સુધારા પર છે અને તમામની સ્થિતિ સ્થિર હોવાનું તબીબોએ જણાવ્યું છે. જ્યોત્સનાબેનને બ્લડ પ્રેશરની સમસ્યા હોવાથી શરૂઆતમાં તબીબોની ખાસ દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હતા, પરંતુ સારવાર બાદ તેમની તબિયત પણ સ્થિર છે. હાલ કોઈપણ દર્દી ક્રિટિકલ નથી. પરિવારના અન્ય સભ્યો હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાથી બાળકીના અંતિમ સંસ્કાર સમયે કરુણ સ્થિતિ સર્જાઈ હતી. પરિવાર તરફથી માત્ર તેના પિતા અશોકભાઈ કળસરિયા જ હોસ્પિટલમાંથી અંતિમ સંસ્કારમાં જઈ શક્યા હતા. અંતિમ સંસ્કારની વિધિ પૂર્ણ કર્યા બાદ તેઓ ફરી હોસ્પિટલમાં પરત આવી સારવાર હેઠળ રહ્યા હતા.

### મનપાએ લીધેલા સેમ્પલના રિપોર્ટ આવ્યા બાદ ચિત્ર સ્પષ્ટ થશે

શીતલ રેસ્ટોરન્ટમાંથી પરિવારે જમવાનું ઓર્ડર કર્યુ હતું. જેમાં અશોકભાઈએ રેસ્ટોરન્ટના મેનુમાં ન હોય તેવું શાક બનાવવા માટે કીધું હોવાનું જાણવામાં આવ્યું છે. ઘટનાને લઈ મનપાના આરોગ્ય અને ફૂડ વિભાગ દ્વારા તાકીદે શીતલ રેસ્ટરોન્ટમાં ચેકિંગ હાથ ધર્યુ હતું અને સેમ્પલો લીધા હતા. જેના રિપોર્ટ હજી આવ્યા નથી. પરંતુ રિપોર્ટ આવ્યા બાદ ચિત્ર વધુ સ્પષ્ટ થશે તેમ જાણવામાં આવી રહ્યું છે.

### મનપાને જાણ નહીં કરનાર સદવિચાર હોસ્પિટલ સામે પણ તવાઇનાં એંધાણ

ફૂડ પોઈઝનિંગની ઘટનામાં તબિયત લથડતાં પરિવારના સભ્યોને તાત્કાલિક સારવાર અર્થે પુણાની સદવિચાર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલના ડોક્ટરો તેમજ પીડિત પરિવારના જણાવ્યા અનુસાર આ ફૂડ પોઈઝનિંગનો જ કેસ છે. જોકે, ફૂડ પોઈઝનિંગની ચોક્કસ પુષ્ટિ કરવા માટે જરૂરી એવા બ્લડ અને સ્ટૂલના સેમ્પલો હોસ્પિટલ દ્વારા લેવાયા છે કે કેમ તે અંગે પ્રશ્નાર્થ ઊભો થયો છે. ઉપરાંત મનપા દ્વારા તાકીદે રણુજાધામ સોસાયટીમાં સપ્લાય થતાં પાણીનો પણ સરવે કરાવાયો છે. કારણ કે, પાણીના કારણે કોઈને અસર થઈ છે કે કેમ તે જાણકારી લેવા માટે મનપાની ટીમે સરવે કામગીરી કરી હતી. જો કે, સોસાયટીમાં અન્ય કોઈ પણ પરિવારને કોઈ તકલીફ થઈ નથી એટલે પાણીના કારણે કોઈ અસર થઈ હોય તેમ જણાયું નથી. બીજી તરફ, નિયમ મુજબ ફૂડ પોઈઝનિંગ જેવા કેસોની ત્વરિત જાણ લોકલ ઓથોરિટી એટલે કે સુરત મહાનગરપાલિકાને કરવી ફરજિયાત હોય છે. આ હોસ્પિટલ દ્વારા મનપાને આવી કોઈ જાણ કરવામાં આવી ન હોવાનું સામે આવતાં આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. આરોગ્ય અધિકારી ડો. ઉમરીગરે આ બેદરકારીને ગંભીરતાથી લઈને હોસ્પિટલ સામે રજિસ્ટ્રેશન એક્ટ હેઠળ કાયદાકીય પગલાં ભરવા માટે સી.ડી.એચ.ઓ. (ચીફ ડિસ્ટ્રિક્ટ હેલ્થ ઓફિસર)ને જાણ કરી છે. કોઈ પણ હોસ્પિટલમાં ફૂડ પોઈઝનિંગના કેસ આવે તેની જાણ મનપાને ઓનલાઈન તો કરવાની રહેતી જ હોય છે. આ કેસમાં એક બાળકીનું મોત પણ થયું છે ત્યારે હોસ્પિટલ દ્વારા મનપાને કેમ જાણ ન કરાઈ તે માટે હોસ્પિટલ સામે એક્શન લેવાશે તેમ જાણવામાં આવ્યું છે.

# સીલ કરાયેલી હોટલ બીજા જ દિવસે ધમધમતી નજરે પડી

સુરતઃ ફૂડ પોઈઝનિંગની ગંભીર ઘટનામાં માસુમ બાળકીના મોત બાદ મહાનગરપાલિકાનું આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું હતું. શીતલ હોટલમાંથી મંગાવેલા પંજાબી શાકને કારણે સર્જાયેલી આ દુર્ઘટના બાદ મનપા દ્વારા તેને સીલ કરીને દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઘટનાને પગલે સમગ્ર શહેરમાં મોટું અભિયાન ચલાવીને આરોગ્ય વિભાગની ટીમોએ અલગ-અલગ વિસ્તારોમાંથી નિયમોનું ઉલ્લંઘન કરતી 17 હોટલ-રેસ્ટોરન્ટ્સને સીલ કરી દીધી હતી. જોકે, અર્ચના બ્રિજ પાસે ગતરોજ જ સીલ કરાયેલી હોટલ બીજા દિવસે સવારે ખુલ્લી જણાતાં આરોગ્ય વિભાગની કામગીરી સામે ગંભીર પ્રશ્નાર્થ ઊભા થયા છે.

મનપાની ઝુંબેશ હેઠળ અર્ચના ખાડી બ્રિજ પાસે આવેલી 'ધ દિલ્હી રેસ્ટોરેન્ટ એન્ડ ચાઈનીઝ' નામની હોટલમાં સાફ-સફાઈ અને આરોગ્યના ધારાધોરણોનો ભારે અભાવ જણાતાં તેને સીલ કરવામાં આવી હતી. પરંતુ આ કાર્યવાહીના ચોવીસ કલાક પણ પૂર્ણ થાય તે પહેલાં હોટલ સંચાલકોએ સીલ હોવા છતાં સવારથી જ ધંધો શરૂ કરી દીધો હતો.

### સફાઈ કરવા મનપા પાસે સીલ ખોલાવ્યું હોવાનો બચાવ

મનપા તંત્રે આ અંગે જણાવ્યું હતું કે, હોટલવાળાએ મનપાને સાફસફાઈ કરવાની છે તે રીતે મંજૂરી માંગી હોટલ ખોલી હતી. પરંતુ ત્યારબાદ ખાણી પીણી પણ શરૂ કરી દેવાનું જાણવામાં આવ્યું હતું. જેથી મનપા દ્વારા ફરીવાર આ હોટલ બંધ કરી દેવાઈ છે

# 'મની લોન્ડરિંગની તપાસનો અધિકાર પોલીસને નથી, માત્ર EDને જ છે'

**૧૪** દિવસમાં પ્રાથમિક તપાસ પૂર્ણ ન કરનાર મહિધરપુરા પોલીસની બેદરકારી સામે પો.કમિ.ને જાણ કરવા સેશન્સ કોર્ટનો આદેશ

સુરતઃ મની લોન્ડરિંગની તપાસમાં ધરપકડની દહેશતથી ઝાંપાબજારનાં અહેતેશામ કાસિમ બોટાવાલાએ કરેલી આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દઈ ધરપકડ થવાની વાજબી આશંકા થાય, ત્યારે ફરીથી આગોતરા જામીન અરજી કરી શકેના હુકમ સાથે મની લોન્ડરિંગની તપાસ કરવાનો અધિકાર પોલીસને નથી, માત્ર EDને જ છે, તેમ નોંધી ૧૪ દિવસમાં પ્રાથમિક તપાસ પૂર્ણ ન કરનાર મહિધરપુરા પોલીસની બેદરકારી સામે પો.કમિ.ને જાણ કરવા સેશન્સ કોર્ટે આદેશ કર્યો હતો.

ઝાંપાબજારના વેપારી વિરુદ્ધ અહેમદભાઈ પટેલે રાજ્યના ગૃહ મંત્રીની કચેરીમાં મની લોન્ડરિંગના આક્ષેપો કરતી અરજી કરી હતી. આ અરજી તપાસ અર્થે મહિધરપુરા પોલીસ સ્ટેશન ખાતે આવી હતી અને પોલીસે અહેતેશામ બોટાવાલાને પૂછપરછ માટે બોલાવ્યા હતા. ધરપકડની શક્યતાને પગલે અરજદાર દ્વારા એડવોકેટ મારફતે સુરત સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. બન્ને પક્ષની રજૂઆત બાદ કોર્ટે પોલીસ કાર્યવાહી સામે ગંભીર નોંધ લીધી હતી. આગોતરા જામીન અરજી નામંજૂર કરી કોર્ટે નોંધ્યું હતું કે અરજી તા. ૨૮/૦૭/૨૦૨૬ ના રોજ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. કાયદા મુજબ કોઈપણ અરજીની પ્રાથમિક તપાસ ૧૪ દિવસની અંદર પૂર્ણ કરવી ફરજિયાત છે. જો કે, મહિધરપુરા પોલીસે ઉચ્ચ અધિકારીની મંજૂરી લીધા વિના જ અરજી અનિશ્ચિત મુદત સુધી પેન્ડિંગ રાખી હતી અને ૧૫ દિવસથી વધુ સમય થવા છતાં તપાસ પૂર્ણ કરી ન હતી, જે BNSS ની કલમ ૧૭૩(૩)(i) નો સ્પષ્ટ ભંગ છે. મની લોન્ડરિંગ સંબંધિત કોઈપણ ગુનાની નોંધણી કે તપાસ કરવાનો અધિકાર સ્થાનિક પોલીસને નથી. આ અધિકાર માત્ર પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ધરાવે છે, તેમ નોંધી સમયમર્યાદામાં પ્રાથમિક તપાસ ન કરનાર મહિધરપુરા પોલીસની આ ગંભીર ક્ષતિ બાબતે પોલીસ કમિશનરને જાણ કરવા હુકમની નકલ મોકલવાનો આદેશ કરવામાં આવ્યો છે.

# કાંઠા કોળી પટેલ સમાજના ૨૭૦ તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું

**કાંઠા** વિભાગ યુવા કોળી સમાજ પરિવર્તન ટ્રસ્ટ દ્વારા સન્માન સમારોહ યોજાયો હતો



સુરતઃ કાંઠા વિભાગ યુવા કોળી સમાજ પરિવર્તન ટ્રસ્ટ દ્વારા ૧૭મો તેજસ્વી તારલા સન્માન સમારોહ-૨૦૨૬ રામજીવાડી, બુડિયા ખાતે યોજાયો હતો. તા.૧૫ ઓગસ્ટના રોજ યોજાયેલા સમારોહમાં ધોરણ-૧૦, ધોરણ-૧૨, સ્નાતક-અનુસ્નાતક, ડિગ્રી, ડિપ્લોમા, એમ.બી.બી.એસ. તથા પી.એચ.ડી. સહિતની વિવિધ શૈક્ષણિક લાયકાતમાં ૭૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર કુલ ૨૭૦ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

સમારોહમાં દાતા પંકજભાઈ ગિજુભાઈ પટેલ અને દિપકભાઈ ધીરુભાઈ ઈજારદાર તરફથી તમામ ૨૭૦ વિદ્યાર્થીઓને સાડી-ડ્રેસ મટીરીયલ્સ અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમાજ પ્રત્યે નિષ્ઠા પૂર્વક સેવા અને કર્તવ્ય બજાવનાર સુંદરભાઈ બાલુભાઈ પટેલનું સાલ ઓઢાડી તથા મોમેન્ટો આપી સન્માન કરાયું હતું. તેમજ ડો. નેહા પટેલ (એમ.ડી.)નું પણ મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. એમ.બી.બી.એસ.ની ડિગ્રી મેળવનાર ડો. જીમ્મી મનોજભાઈ પટેલ અને ડો. હેન્સ શૈલેષભાઈ પટેલ સહિતના વિદ્યાર્થીઓનું વિશેષ અભિવાદન કરાયું હતું. ચોર્યાસી તાલુકાના કાંઠા વિસ્તાર કોળી સમાજના પ્રમુખ હિતેશભાઈ ભરથાણાએ વિદ્યાર્થીઓને નિયમિત અભ્યાસ કરવા અનુરોધ કર્યો હતો. દિપકભાઈ ઈજારદારે પણ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. ટ્રસ્ટના પ્રમુખ પ્રકાશ કોન્ટ્રાક્ટરે ટ્રસ્ટ દ્વારા વર્ષ દરમિયાન કરવામાં આવતી વિવિધ સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. દાન આપવા હાકલ કરી હતી.

### મેડિકલ કોલેજમાં કેડેવરની અછતમાં સરાહનીય પગલું

# તેન ગામનાં સ્વ. રતનબેન પરમારના દેહનું દાન કરાયું



સુરતઃ એક તરફ જ્યાં મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીઓને શીખવા માટે કેડેવર મળતાં નથી ત્યાં બારડોલી તાલુકાના તેન ગામના રહેવાસી 94 વર્ષિય સ્વ. રતનબેન કેશવભાઈ પરમારનું નિધન થતાં તેમના પરિવારે તેમના હેદનું દાન કરીને સરાહનીય પગલું ભર્યું છે.

તેમની અંતિમ ઈચ્છા હતી કે મૃત્યુ બાદ પણ તેમનું શરીર માનવજાતની સેવા માટે ઉપયોગી બને. તેમના અવસાન બાદ પરમાર પરિવારે માતાની આ અંતિમ ઈચ્છાને માન આપીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સ્વ. રતનબેન ના સુપુત્રો સ્વ. મોહનભાઈ કેશવભાઈ પરમાર, રમણભાઈ કેશવભાઈ પરમાર તથા નાનુભાઈ કેશવભાઈ પરમાર (સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા) સહિત સમગ્ર પરિવારે સંમતિ પૂર્વક તેમના પાર્થિવ દેહનું સુરત સિવિલ હોસ્પિટલ ખાતે દેહદાન કર્યું હતું. શોકની આ ઘડીમાં પરિવારના આ ઉદાત્ત નિર્ણયથી સમાજમાં દેહદાન અને અંગદાન પ્રત્યે જાગૃતિનો સકારાત્મક સંદેશો ફેલાયો છે.

# શિક્ષણ સમિતિની શાળામાં દારૂની મહેફિલનો વિડીયો વાયરલ

**શાળાના** વર્ગખંડમાં થતી પાર્ટીના વાયરલ વીડિયો મામલે સુરક્ષા કર્મી નોકરીમાંથી બરતરફ

**ભેસ્તાનની** શાળા ક્રમાંક-૭૭ અને ૨૪૮ માં રવિવારે રજાના દિવસે દારૂની મહેફિલ માણવામાં આવી

સુરતઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળામાં જ દારૂની મહેફિલ યોજાઈ હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. ભેસ્તાનના સિદ્ધાર્થનગર વિસ્તારમાં આવેલી શાળા ક્રમાંક-77 અને 248ના પરિસરમાં રવિવારની રજાના દિવસે પાંચથી છ જેટલા યુવાનો દ્વારા દારૂ પાર્ટી કરવામાં આવી હોવાનો વીડિયો સોશિયલ મીડીયામાં વાયરલ થયો છે.



શાળામાં ફરજ બજાવતા સુરક્ષા કર્મીએ રવિવારે રજાના દિવસે પરિસરમાં ક્રિકેટ રમવા આવેલા સ્થાનિક યુવાનોને બહાર કાઢી મૂક્યા હતા અને ત્યારબાદ પોતાના અંગત મિત્રોને શાળા કેમ્પસમાં બોલાવ્યા હતા. ત્યારપછી સુરક્ષા કર્મીએ મિત્રો સાથે મળીને શાળાના વર્ગખંડમાં જ દારૂની પાર્ટી કરી હતી. આ ઘટનાનો વીડિયો વાયરલ થતાં જ શિક્ષણ સમિતિના અધ્યક્ષ રાજેન્દ્ર કાપડીયાએ તેને શરમજનક ગણાવી તાત્કાલિક પગલાં ભર્યા હતા. જેમાં જવાબદાર સુરક્ષા કર્મીની તાત્કાલિક અસરથી હકાલપટ્ટી કરી દેવામાં આવી છે. હાલ આ પરિસરમાં બે શાળાઓ કાર્યરત છે, જ્યારે અન્ય બે શાળાઓનું રિનોવેશન ચાલતું હોવાથી તેના વિદ્યાર્થીઓ પણ અહીં જ અભ્યાસ કરી રહ્યા છે. આ ઘટના આશરે 15 દિવસ જૂની હોવાનું સામે આવતાં જ સમગ્ર મામલાની સત્યતા જાણવા માટે શાળાના આચાર્યને તપાસ કરીને હકીકતલક્ષી અહેવાલ રજૂ કરવા આદેશ કરાયો છે

**વિશ્વ મચ્છર દિવસ** | એક જ એડીસ મચ્છર ત્રણ વાયરસનું જોખમ વધારી શકે છે

# મેલેરિયા-ડેન્ગ્યુ બાદ મોટો પડકાર 'ઝીકા વાયરસ'

**સામાન્ય** વ્યક્તિમાં હળવા લક્ષણો છતાં સગર્ભા મહિલાઓ અને ગર્ભસ્થ શિશુ માટે ગંભીર ચિંતા

સુરતઃ આવતીકાલે વિશ્વ મચ્છર દિવસ છે ત્યારે મેલેરિયા અને ડેન્ગ્યુ બાદ ઝીકા વાયરસ પણ મહત્ત્વનો પડકાર બની રહ્યો છે. ખાસ કરીને સગર્ભા મહિલાઓ માટે ઝીકા ચેપ ગંભીર બની શકે છે, જેના કારણે મચ્છર નિયંત્રણ અને રોગની સમયસર ઓળખ વધુ મહત્ત્વની બની છે. સદનસીબે સુરતમાં મચ્છરને કારણે થતો આ ઝીકા વાયરસનો એકેય કેસ આવ્યો નથી. મચ્છર નિયંત્રણની વાત હવે માત્ર ડેન્ગ્યુ અટકાવવા પૂરતી રહી નથી. એક જ પ્રકારના વાહક મચ્છર સામેની લડાઈમાં એકસાથે અનેક રોગોને ધ્યાનમાં લેવા જરૂરી બન્યું છે. ઝીકા ચેપ લાગ્યા બાદ ઘણા લોકોમાં કોઈ લક્ષણો દેખાતા નથી અથવા હળવો તાવ, ચામડી પર ચકામા, આંખોમાં લાલાશ, સાંધામાં દુખાવો અને સામાન્ય અસ્વસ્થતા જેવા લક્ષણો જોવા મળી શકે છે. આ જ કારણસર કેટલાક કિસ્સામાં ઝીકા અને અન્ય વાયરલ બીમારીઓ વચ્ચે શરૂઆતમાં તફાવત કરવો મુશ્કેલ બની શકે છે. પરંતુ ઝીકા અંગેની સૌથી મોટી ચિંતા ગર્ભાવસ્થા દરમિયાન થતા ચેપને લઈને છે. ગર્ભવતી મહિલાને ઝીકા ચેપ લાગવાથી ગર્ભસ્થ શિશુના મગજના વિકાસ પર ગંભીર અસર થઈ શકે છે. તેમાં માઈક્રોસેફાલી સહિતની જન્મજાત તકલીફોનું જોખમ વધી શકે છે. સૌથી સારી બાબત એ છે કે સુરતમાં આ વાયરસનો એકેય કેસ હજી નોંધાયો નથી અને તંત્ર આ માટે સજ્જ છે.

### 'દિવસે કરડે છે' એટલે એડીસ મચ્છરનો ખતરો વધુ છુપાયેલો

એડીસ મચ્છરની એક ખાસિયત એ છે કે તે સામાન્ય રીતે દિવસ દરમિયાન પણ કરડી શકે છે. તેથી રાત્રે મચ્છરદાની લગાવીને જ સુરક્ષિત રહી શકાય તેવી માન્યતા પૂરતી નથી. ઘર, ઓફિસ, શાળા કે અન્ય સ્થળે દિવસ દરમિયાન પણ મચ્છરથી બચવાના પગલાં જરૂરી છે. શરીરનો મોટાભાગનો ભાગ ઢંકાય તેવાં કપડાં પહેરવા, યોગ્ય મચ્છર પ્રતિરોધકનો ઉપયોગ કરવો અને ઘરની આસપાસ પાણી ભરાવા ન દેવું ઉપયોગી પગલાં બની શકે છે.

### વરસાદી વિરામ બાદ દર્દીઓની સંખ્યામાં વધારો, આગામી બે મહિના સાવચેત રહેવા અપીલ

સુરત નવી સિવિલ હોસ્પિટલના મેડિસિન વિભાગના એસોસિએટ પ્રોફેસર ડો. અમિત ગામીએ જણાવ્યું હતું કે, નવી સિવિલ હોસ્પિટલમાં વાયરલ તાવના કેસમાં આશરે 20 ટકાનો વધારો થયો છે, જ્યારે મેલેરિયા અને ડેન્ગ્યુ જેવા મચ્છરજન્ય રોગોના કેસમાં આશરે 10 ટકાનો વધારો જોવા મળી રહ્યો છે. આગામી બે મહિના લોકોએ ખૂબ જ સાવચેત રહેવું પડશે. મચ્છરજન્ય રોગોની શરૂઆત ઘણી વખત સામાન્ય તાવ, શરીરમાં દુખાવો, માથાનો દુખાવો કે નબળાઈ જેવા લક્ષણોથી થઈ શકે છે. તેથી આવા લક્ષણોને સામાન્ય ગણીને જાતે દવા લેવાને બદલે તબીબની સલાહ લેવી જરૂરી છે.

### ઝીકા માટે 'ચોક્કસ દવા' કરતાં સપોર્ટિવ સારવાર અને બચાવ પર ભાર

ઝીકા વાયરસ માટે હાલમાં કોઈ ચોક્કસ એન્ટિવાયરલ સારવાર ઉપલબ્ધ નથી. મોટાભાગે સારવાર લક્ષણો ઘટાડવા અને દર્દીને પૂરતું પ્રવાહી તથા આરામ આપવાના આધારે કરવામાં આવે છે. ઝીકાના સંદર્ભમાં એક મહત્ત્વની બાબત એ પણ છે કે તેના લક્ષણો અન્ય મચ્છરજન્ય અથવા વાયરલ બીમારીઓ સાથે મળતા હોઈ શકે છે. તેથી ખાસ કરીને તાવ, ચકામા, સાંધાના દુખાવા જેવા લક્ષણો સાથે જોખમી પરિસ્થિતિ હોય તો તબીબી સલાહ લેવી જરૂરી બને છે.

### લીવ-ઈનમાં રહેતા પ્રેમીએ મળવાની ના પાડતાં પરિણીતાએ ફાંસો ખાધો

સુરતઃ મૂળ ઉત્તરપ્રદેશના જોનપુરની વતની રોલી અવિનાશ વિશ્વકર્મા (ઉં.વ.24) હાલ કાપોદ્રા સ્થિત ગાયત્રીનગર ઝૂંપડપટ્ટીમાં પાંચ વર્ષના પુત્ર સાથે રહેતી હતી અને હોટ ફિક્સ ખાતામાં કામ કરીને પરિવારનું ભરણપોષણ કરતી હતી. તેનો પતિ છેલ્લા પાંચ વર્ષથી અલગ વતનમાં રહેતો હોવાનું જાણવા મળ્યું છે. દરમિયાન રોલી છેલ્લા આઠ મહિનાથી એક યુવક સાથે લિવ-ઈન રિલેશનશિપમાં રહેતી હતી. કાલે સાંજે રોલીએ તેના પ્રેમીને મળવા માટે બોલાવ્યો હતો. જોકે, પ્રેમીએ પોતાની તબિયત સારી ન હોવાનું જણાવી હાલ મળવા નહીં આવી શકે અને બાદમાં મળવા આવવાનું કહ્યું હતું. પ્રેમીએ મળવાની ના પાડતાં રોલી ગુસ્સામાં આવી ગઈ હતી. ત્યારબાદ ઘરમાં લોખંડની એંગલ સાથે સાડી બાંધી ફાંસો ખાઈ જીવન ટૂંકાવી દીધું હતું.

# મેટ્રોથી કંટાળી કાદરશાની નાળના લોકોની મનપાને ઘેરવાની ચીમકી

**ખંડેરાવપુરા,** કાદરશાની નાળ, હબીબશાહ મોહલ્લો અને માછીવાડમાં 'ખાડાના રસ્તા'થી હાલાકી

સુરતઃ સુરત મહાનગરપાલિકાની લાપરવાહીને લીધે ચોમાસામાં ખંડેરાવપુરા, કાદરશાની નાળ, હબીબશાહ મોહલ્લો અને માછીવાડ ચાર રસ્તા સહિતના આસપાસના વિસ્તારોના રસ્તાઓ અત્યંત બિસમાર બની ગયા છે. રસ્તા પર પડેલા ખાડામાં વરસાદી પાણી ભરાઈ રહેતાં ટુ-વ્હીલર ચાલકો માટે પસાર થવું મુશ્કેલ બન્યું છે. ઉપરાંત, મેટ્રોની કામગીરી દરમિયાન યોગ્ય બેરિકેડિંગ, ચેતવણી બોર્ડ, રિફ્લેક્ટર કે લાઈટિંગ જેવી જરૂરી સલામતી સુવિધાઓના અભાવે ગમે ત્યારે ગંભીર અકસ્માત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે.

સ્થાનિકો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા આ મુદ્દે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોવાના આક્ષેપ થયા છે. છેલ્લા પાંચ વર્ષથી કામગીરી ચાલુ હોવા છતાં રસ્તાઓનું યોગ્ય અને નિયમિત સમારકામ કરવામાં આવતું નથી. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ અગ્રણી ફૈશલ રંગુની દ્વારા મેટ્રો તંત્ર અને મનપા કમિશનરને તાત્કાલિક ધોરણે રસ્તાઓનું સમારકામ હાથ ધરવા અંગે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. તેમણે ચીમકી આપતાં જણાવ્યું છે કે જો આગામી 15 દિવસમાં આ સમસ્યાનો ઉકેલ લાવવામાં નહીં આવે, તો સ્થાનિક રહીશો અને વાહનચાલકોને સાથે રાખીને ગાંધી ચિંધ્યા માર્ગે મહાનગરપાલિકા કચેરીનો ઘેરાવ કરવામાં આવશે.